## માનનીય સંજયભાઈ કોરડિયાની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહ સામે આજે હું પૂરક માંગણીઓ ઉપરની ચર્ચામાં ભાગ લેવા ઉપસ્થિત થયો છું ત્યારે, સદન પ્રત્યે મારી આભારની લાગણી પ્રગટ કરી મારા વિચારો ગૃહના માધ્યમથી મૂકી રહ્યો છું.

**માનનીયઅધ્યક્ષશ્રી,**

માંગણીઓ પરની ચર્ચામાં કુદરતી આફતો ઉપર બોલતા મારે વાત કરવી છે કે, સકલ બ્રહ્માંડ પ્રમુખ પાંચ તત્વોનું બનેલું છે. આપણું શરીર પણ પાંચ તત્વોનું બનેલું છે. જેને આપણે મહાભૂત કહીએ છીએ. આ પાંચ તત્વો છે. પૃથ્વી, અગ્નિ, આકાશ, વાયુ અને પાણી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ પાંચ મહાભૂતો પોતાની શક્તિ અને ક્ષમતા મુજબ જ કામગીરી કરે છે. એ કોઈની પણ શેહ શરમ નથી રાખતા. આ પાંચ તત્વો પોતાનું કામ પોતાની રીતે કરે છે.  સજીવોને માટે જીવનઉપયોગી આ પાંચ કુદરતી તત્વો જયારે મર્યાદા ઓળંગે છે ત્યારે આપણા માટે આફત બની જાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કુદરતી આફત આવે છે ત્યારે, એ કહીને નથી આવતી. એ આપણાં કહ્યામાં પણ નથી રહેતી. માણસજાતે પર્યાવરણીય ડિસ્ટર્બન્સ ઊભું કરવાના કારણે પ્રકૃતિનું નિયમન કરતા આ તત્વો પોતાની મર્યાદા ઓળંગે છે પરિણામે મહા ભયંકર હોનારતનો આપણે સામનો કરવો પડે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

પૃથ્વીનું પેટાળ જ્યારે ખળભળે છે અને એની પેટાળમાં રહેલી પ્લેટો અથડાય છે ત્યારે ભૂકંપ જેવી કુદરતી મહાઆફત આવે છે. ઘડીમાં બધું છિન્નભિન્ન થઈ જાય છે. મોટાં જંગલોમાં ગરમીના કારણે દવ લાગે છે ત્યારે અગ્નિનો પ્રકોપ માઝા મૂકે છે. બધું બળીને ખાખ બની જાય છે. સુનામી અને દરિયાઇ વાવાઝોડામાં તથા વરસાદમાં પાણી અને પવન માઝા મૂકે છે. આકાશ આગ વરસાવતી ગરમીથી બધું સૂકવી નાખે છે. આમ, આ બધી જ આપદા કુદરતી આપદા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કુદરતી આફતો અને સંકટોને આપણે આવતા રોકી નથી શકતા, પરંતુ એનાથી શક્ય એટલો બચાવ જરૂર કરી શકીએ છીએ. આ બચાવની આપણી વ્યવસ્થા એટલે ડિઝાસ્ટર મેનજમેન્ટ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

એક સમય હતો, જયારે કુદરતી આફતોમાં અસંખ્ય જાનની હાનિ થતી હતી. માનવ અને પશુ મૃત્યુના કારણે સ્થિતિ ભયાવહ બની જતી હતી. આપણે સૌ કંડલા હોનારત અને 2001ના ભૂકંપથી વાકેફ છીએ. એ સમયે થયેલ અનેક મૃત્યુએ આપણને હતપ્રત કરી દીધેલ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને ગર્વ સાથે કહેવું છે કે છેલ્લા કેટલાક વર્ષોથી આ સ્થિતિમાં બદલાવ આવ્યો છે. આદરણીય મોદીસાહેબે ડિઝાસ્ટર મેનજમેન્ટની વ્યવસ્થાને સુદઢ કરીને આફત આવે પછી નહીં, આફતના એંધાણ દેખાય કે તરત એકશનમાં આવી જવાની અને યુદ્ધના ધોરણે બધા જ

વિભાગો તાલમેલ કરી કામ કરે એ માટે સઘન વ્યવસ્થાઓ ગોઠવી. જેનાં કારણે તાજેતરમાં આવેલા અનેક વાવાઝોડામાં અને અન્ય આફતોમાં દેશ અને ગુજરાતે એક માનવમૃત્યુ અને પશુમૃત્યુને નિવારીને આ આફતોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. જે માટે હું વડાપ્રધાનશ્રી આદરણીય મોદીસાહેબને રાજ્યની પ્રજા વતી અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજયના સંદર્ભે વાત કરું તો, આપણે તાજેતરમાં તાઉટે અને બિપરજોય જેવા મહાવિનાશકારી વાવાઝોડાઓનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. રાજ્ય સરકારે છેલ્લે આવેલા બીપરજોય વાવાઝોડામાં બધા જ વિભાગોનું યોગ્ય સંકલન કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની અને માર્ગદર્શનમાં આપણે એનો સફળ સામનો કર્યો હતો. એક પણ માનવમૃત્યુ આ વાવાઝોડામાં સામે નહોતું આવ્યું. જે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને રાજ્ય સરકાર તથા સરકારના બધા જ વિભાગોની પ્રશંસા કરી, અભિનંદન પાઠવું છું. ગુજરાતની પ્રજાએ પણ સરકાર સાથે કદમ મિલાવી આ આપદાનો સામનો કર્યો હતો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ વાવાઝોડા સમયે NDRF અને SDRF, રાહત કમિશ્નર કચેરી, ઊર્જા વિભાગની વિવિધ કચેરીઓ, કલેક્ટર,DDO કચેરીઓ, તાલુકા અને જિલ્લાની કચેરીઓ અને એનો સમગ્ર સ્ટાફ, આરોગ્ય વિભાગ, મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા
અન્ય સંલગ્ન વિભાગ અને સ્ટાફે અભૂતપૂર્વ સંકલન કરીને કરેલી કામગીરીના કારણે આપણે બિપર્જોય વાવાઝોડાનો ખૂબ જ સફળ રીતે

સામનો કરેલો. જેમાં NDRF ની 19 અને SDRF ની 13 ટીમોએ વ્યૂહાત્મક સ્થળોએ આગોતરી કામગીરી સંભાળી હતી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ભારે વરસાદ અને પવનને કારણે નુકસાન પામેલ વીજ લાઇનો રીપેર કરવા સાથે વીજપુરવઠો જલદી સ્થાપિત કરવાની શ્રેષ્ઠ કામગીરી કરેલી. દરિયાઈ ક્ષેત્ર અને માછીમારોને સુરક્ષિત રાખવા અને એમની બોટોને નુકસાન ન થાય એ માટેની બધી જ અગોતરી વ્યવસ્થાનો ગોઠવવામાં આવેલી.

માનનીય અધ્યક્ષશ્રી,

હવામાન વિભાગ અને માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા પણ પ્રજાને રાખવાની સાવચેતીનું આગોતરું માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલું. ઊર્જા અને વીજ પુરવઠાના નિયમન માટે PGVCL ની 8 જિલ્લામાં 597 ટીમો તૈનાત કરવામાં આવેલી.GETCO એ 714 સબસ્ટેશનમાં 51 ટીમો સ્ટેન્ડબાય રાખેલી. ઝડપી પ્રતિસાદ અને પુનઃ સ્થાપન માટે PGVCL ની 889 અને GETCO ની 81 ટીમો આસપાસના જિલ્લાઓમાંથી મૂકવામાં આવેલી

**માનનીય અધ્યક્ષશ્રી,**

આમ, સમગ્ર રીતે યોગ્ય માર્ગદર્શન, યોગ્ય આયોજન અને યોગ્ય પગલા થકી આપણે આ આફતનો સામનો કરેલો. જે માટે હું ગૃહના માધ્યમથી પુનઃ રાજયના સમગ્ર વ્યવસ્થાતંત્રને અભિનંદન આપી
પૂરક માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં હું આ માંગણીઓને મારું અનુમોદન આપી મારી વાત પૂર્ણ કરું છું.